અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/7138-77
ગુજરાત માધ્યમિક અને,
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.29/11/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ 2021-22 માં ધોરણ-9 થી 12ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવા બાબત.

સંદર્ભ:- 1) અત્રેનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/4341-84, તા.08/09/2021
2) અત્રેની સિંગલ ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ-(1) દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ-2021-22 માટે સરકારશ્રીની મંજૂરી અન્વયે શૈક્ષણિક સત્રના દિવસો, પરીક્ષાની તારીખની વિગતો, પરીક્ષા અંગેની સૂચનાઓ, વેકેશનના દિવસો, જાહેર રજાઓની વિગતો તેમજ બોર્ડની પરીક્ષાની તારીખની વિગતો તેમજ શૈક્ષણિક વર્ષ-2021-22માં માટે ધોરણ-9 થી 12ના અભ્યાસક્રમ અંગેની સૂચનાઓ અત્રેની કચેરી દ્વારા મોકલી આપવામાં આવેલ છે. ઉક્ત પત્રમાં શૈક્ષણિક વર્ષ-2021-22માં લેવાનાર પરીક્ષાની પદ્ધતિ બાબતે પણ સૂચનાઓનો સમાવેશ કરેલ છે. વિદ્યાર્થીઓનો તણાવ ઘટાડી શકાય તે હેતુથી શૈક્ષણિક વર્ષ-2021-22માં ધોરણ-9 થી 12ની પરીક્ષાની પ્રવર્તમાન પદ્ધતિમાં ફેરફાર કરવા અંગે સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. જેનો અમલ નીચે દર્શાવ્યા મુજબ કરવાનો રહેશે.

"ધોરણ-9, 10, 11 (વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ), 12 (સામાન્ય પ્રવાહ)માં પરીક્ષાના પ્રશ્નપત્રમાં હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ 20% અને વર્ણનાત્મક પ્રશ્નોનું પ્રમાણ 80% જેટલું નિયત કરેલ હતું. જેમાં ફેરફાર કરીને હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ 30% અને વર્ણનાત્મક પ્રશ્નોનું પ્રમાણ 70% જેટલું રાખવાનું નિયત કરવામાં આવે છે. ધોરણ-9, 10, 11 (વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ), 12 (સામાન્ય પ્રવાહ)ની પરીક્ષામાં હેતુલક્ષી પ્રશ્નોના જવાબ વિદ્યાર્થીઓએ ઉત્તરવહીમાં જ લખવાના રહેશે, જેમાં OMR નથી. માત્ર ધોરણ-12 (વિ.પ્ર.)માં 50% MCQ (Multiple Choice Questions) (OMR પદ્ધતિ) અને 50% વર્ણનાત્મક પ્રશ્નોનું પ્રમાણ યથાવત રહેશે. આ ઉપરાંત ધોરણ-9 થી 12ના પ્રશ્નપત્રોમાં વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોમાં ઇન્ટરનલ ઓપ્શનને બદલે જનરલ ઓપ્શન આપવામાં આવશે."

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઉક્ત ફેરફારોને અનુસંધાને ધોરણ-9 થી 12 માટે પ્રકરણદીઠ ગુણભાર અને પ્રશ્નપત્રનું માળખુ અને પરિરૂપની

વિગતોની જાણ ટૂંક સમયમાં કરવામાં આવશે. ઉપરોક્ત બાબતનો અમલ જાન્યુઆરી-2022માં લેવાનાર ધોરણ-9 અને 11ની દ્વિતીય કસોટી, ધોરણ-10 અને 12ની પ્રિલીમ પરીક્ષા અને ધોરણ-9 અને 11ની શાળાકીય વાર્ષિક પરીક્ષામાં તેમજ ધોરણ-10 અને 12ની બોર્ડ દ્વારા યોજાતી વાર્ષિક પરીક્ષામાં કરવાનો રહેશે. જેની નોંધ લેશો.

ઉક્ત તમામ વિગતો આપના તાબાની માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

આપની વિશ્વાસુ

Snehal

મદદનીશ સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના :-

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- સંયુક્ત નિયામકશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી, પરીક્ષા (વિ.પ્ર./સા.પ્ર.), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારું)
- પરીક્ષા સચિવશ્રી (SSC), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર. (જાણ તથા જરૂરી કાર્યવાહી સારું)